# ભારતીય નૌકાદળ હવે ખરા અર્થમાં વીજળીવેગે વાર કરશે

**બોર્ડર**
કેપ્ટન શૂરવીર સિંહ



ઈ
વી એટલે કે ઈલેક્ટ્રોનિક વેહિકલની બોલબાલા આજકાલ ચારેકોર છે ત્યારે હમણાં થોડા સમય પહેલાં એક સમાચાર વાંચવામાં આવેલા કે રોલ્સ રોઈસ કંપની ભારતીય નૌકાદળને પણ તેનું પહેલું ઈલેક્ટ્રોનિક વૉરશિપ બનાવવામાં મદદ કરશે. હાલ તેના માટેની વાટાઘાટો ચાલી રહી છે અને તે સફળ થાય તેવી પ્રબળ સંભાવના છે. આ નિમિત્તે ઈલેક્ટ્રોનિક વૉરશિપની ખસિયત અને નૌકાદળમાં તેમજ દરિયાઈ મોરચે તેની ભૂમિકાની વાત અહીં કરી છે. આ વાત કરીએ છીએ ત્યારે એ પણ સમજી લઈએ કે આજના સમયમાં જેમ સાયબર વૉરફેર-એ દેખીતી રીતે કહેવાય સાયબર વૉરફેર, પણ એનો વ્યવહારુ અમલ તેની સાથે સંકળાયેલા વિવિધ પાસાંને એકસાથે કામ કરતા કરીને થતો હોય છે એવી જ રીતે દરિયાઈ મોરચે થતા વીજાણુ યુદ્ધ(અરે ભાઈ, ઈલેક્ટ્રોનિક વૉરફેર) દરમ્યાન પણ તેની સાથે સંકળાયેલા અન્ય અનેક પાસાંનો એકસાથે અમલ કરવામાં આવે છે એટલે જ તો તેને ઈક્ટ્રોનિક વૉરફેર એટલે કે યુદ્ધ શૈલી છે, ઈલેક્ટ્રોનિક વૉર એટલે કે માત્ર યુદ્ધ નહીં. આ રીતે જોઈએ તો ઈલેક્ટ્રોનિક વૉરફેર બાબતે સજ્જ હોય તેવા નૌકાદળોની યાદીમાં ભારત ઉપરાંત અમેરિકા, રશિયા, ચીન, બ્રિટન, ફ્રાન્સ, ઈટાલી, તુર્કી અને કોરિયા જેવા દેશોના નૌકાદળોનો સમાવેશ થાય છે.

કહેવાનું તાત્પર્ય માત્ર એટલું જ કે ઈલેક્ટ્રોનિક વૉરશિપ એ ઈલેક્ટ્રોનિક વૉરફેરનો એક મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. એટલે ઈલેક્ટ્રોનિક વૉરશિપની વાત કરીએ ત્યારે ઈલેક્ટ્રોનિક વૉરફેરની વાત પણ કરવી જોઈએ અને આ બાબતે નોંધવા જેવી વાત એ છે કે ભારતીય નૌકાદળને ઈલેક્ટ્રોનિક વૉરશિપ ભલે પહેલીવાર



મળે તેમ હોય પણ તે સિવાય પણ ભારતીય નૌકાદળ ઈલેક્ટ્રોનિક વૉરફેર માટે સબળ રીતે સજ્જ છે.

સૌપ્રથમ પ્રાથમિક ધોરણે ઈલેક્ટ્રોનિક વૉરશિપ એટલે શું તે સમજીએ. ઈલેક્ટ્રોનિક વૉરશિપ એટલે એવું યુદ્ધ જહાજ કે જે ઈન્ટિગ્રેટેડ ઈલેક્ટ્રિક પ્રોપલઝનના આધારે ચાલે. આ પદ્ધતિમાં પ્રોપેલર્સ સીદેશીધા એન્જિન સાથે જોડાયેલા હતા નથી બલકે આ પ્રોપેલર્સ ઈલેક્ટ્રિક મોટર્સ થકી ચાલે છે. આ જહાજોમાં એન્જિનનું કામ જરા જુદું હોય છે. આ એન્જિન જનરેટર્સ ચલાવે છે જેમાંથી વીજળી પેદા થાય છે અને તે વીજળી થકી પછી યુદ્ધજહાજના પ્રોપેલર્સ ચાલે છે. મતલબ કે આ આખી પ્રક્રિયા એક રાઉન્ડ સર્કલ જેવી હોય છે. વળી, આવા યુદ્ધ જહાજો ઈલેક્ટ્રોનિક એટેક, ઈલેક્ટ્રોનિક પ્રોટેક્શન અને ઈલેક્ટ્રોનિક સપોર્ટમાં પણ પાવરધા હોય છે. અહીં ઈલેક્ટ્રોનિક સપોર્ટ એટલે આ વૉરશિપ દ્વારા ઈલેક્ટ્રોનિક કોમ્યુનિકેશન સિગ્નલ્સ આંતરવાથી માંડીને પોતાના તરફથી આવા સિગ્નલ્સ પ્રસારિત કરવા અને તેમનું અર્થઘટન કરવા સુધીની પ્રક્રિયાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત યુદ્ધ જહાજની બહારની તેને માર્ગદર્શન આપી રહેલી ઈલેક્ટ્રોનિક સિસ્ટમ્સ સાથે સંકલન કરવાની બાબતનો પણ આ સમગ્ર પ્રક્રિયામાં સમાવેશ થાય છે.

## બેટલ ઓફ શુશીમા અને બેટલ ઓફ બિમ્સ


નૌકાદળમાં ઇલેક્ટ્રોનિક વૉરશિપ અને ઇલેક્ટ્રોનિક વૉરફેરની ભૂમિકાની વાત કરીએ ત્યારે એમ કહી શકાય કે નૌકાદળમાં ઇલેક્ટ્રોનિક વૉરશિપ અને ઇલેક્ટ્રોનિક વૉરફેરની સક્રિય ભૂમિકા આજથી લગભગ 80થી 120 વર્ષ જેટલી જૂની છે. આ મુદ્દે બેટલ ઓફ શુશિમા અને બેટલ ઓફ બિમ્સને યાદ કરવી પડે. બેટલ ઓફ શુશિમા 1904-1905માં તે સમયના જાપાનના શાહી સામ્રાજ્ય અને તે સમયના રશિયાના શાહી સામ્રાજ્ય વચ્ચે થઈ હતી. આ નૌકાયુદ્ધ દરમ્યાન શરૂઆતમાં તે સમયના રશિયન સામ્રાજ્યના નૌકાદળનું પલડું ભારે રહ્યા બાદ યુદ્ધના બીજા તબક્કામાં તે સમયે જાપાને સરપ્રાઇઝ એલિમેન્ટ તરીકે ઇલેક્ટ્રોનિક વૉરશિપ અને ઇલેક્ટ્રોનિક વૉરફેરનો ઉપયોગ કરતાં યુદ્ધનું પલડું જાપાનની તરફેણમાં થઈ ગયું હતું અને છેવટે જાપાનની જીત થઈ હતી. આનું કારણ એ હતું કે તે સમયે નૌકાદળમાં ઇલેક્ટ્રોનિક વૉરશિપ અને ઇલેક્ટ્રોનિક વૉરફેરની ભૂમિકાનો આખો ખ્યાલ નવો હતો. એ રીતે નૌકાદળમાં ઇલેક્ટ્રોનિક વૉરશિપ અને ઇલેક્ટ્રોનિક વૉરફેરની ભૂમિકાની શરૂઆત કરવાનો શ્રેય જાપાનના એક સમયના શાહી સામ્રાજ્યને આપવો પડે. એ જ રીતે બીજા વિશ્વયુદ્ધના બેટલ ઓફ બિમ્સ તરીકે જાણીતા આરંભના સમયગાળાની વાત કરીએ તો બીજા વિશ્વયુદ્ધના પહેલા તબક્કા દરમ્યાન જ્યારે જર્મન હવાઈદળ રાતના સમયે બ્રિટનના મહત્ત્વના મથકો પર હુમલા કરતા હતા ત્યારે બંને દેશોએ પોતપોતાની રીતે રેડિયો નેવિગેશન સિસ્ટમના ભાગરૂપે ઇલેક્ટ્રોનિક બિમ્સનો ઉપયોગ કર્યો હતો. આ ઇલેક્ટ્રોનિક બિમ્સ અને રેડિયો નેવિગેશન સિસ્ટમ્સ વળી 1930ના દાયકામાં વિકસાવાયા હતા. તેની વળી જુદી દાસ્તાન છે. તેની વિસ્તૃત વાત ફરી ક્યારેક.

આવા સંકલિત ઈલેક્ટ્રોનિક વૉરફેર બાબતે ભારતીય નૌકાદળની સજ્જતાની વાત કરીએ ત્યારે 2021થી ભારતીય નૌકાદળમાં કાર્યરત શક્તિ સિસ્ટમની વાત કરવી પડે. DRDO દ્વારા વિકસાવાયેલી આ સિસ્ટમ થકી હવે ભારતીય નૌકાદળ આધુનિક રડાર અને એન્ટી શિપ


**રોલ્સ રોઇસ કંપની ભારતીય નૌકાદળને પણ તેનું પહેલું ઇલેક્ટ્રોનિક વૉરશિપ બનાવવામાં મદદ કરશે. હાલ તેના માટેની વાટાઘાટો ચાલી રહી છે અને તે સફળ થાય તેવી પ્રબળ સંભાવના છે**

મિસાઈલ્સના હુમલા સામે રક્ષણ પૂરું પાડશે. આ ઉપરાંત શક્તિ સિસ્ટમ અંતર્ગત અત્યાધુનિક ઈલેક્ટ્રોનિક કમ્યુનિકેશન સપોર્ટ સિસ્ટમ પણ ભારતને મળશે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ ભારતીય નૌકાદળ પાસે ઈલેક્ટ્રોનિક વૉરફેર સિસ્ટમ્સ તો હતી જ પણ પસાર થતા સમયની સાથે આ સિસ્ટમ્સ આઉટ ઓફ ડેટ થતી જતી હતી. હવે 2021થી આધુનિક શક્તિ સિસ્ટમે આ આઉટ ઓફ ડેટ ઈલેક્ટ્રોનિક વૉરફેર સિસ્ટમ્સનું સ્થાન લીધું છે. આ સિસ્ટમ શસ્ત્ર ઉત્પાદનના મામલે ભારતની સ્વદેશીની નીતિનું આગળ પડતું ઉદાહરણ છે.

થોડી વાત રોલ્સ રોઈસ કંપની અને સંરક્ષણ ક્ષેત્રે વિવિધ પ્રકારનાં ઉત્પાદનોના મામલે તેના લાંબા અને ભાતીગળ ઈતિહાસની પણ કરીએ. હાલ મુખ્યત્વે કારના ઉત્પાદન માટે જાણીતી આ કંપની બંને વિશ્વયુદ્ધોના સમયથી વિવિધ પ્રકારનાં શસ્ત્રો તેમજ વિવિધ પ્રકારનાં લશ્કરી વાહનો અને ડિફેન્સ ટેક્નોલોજી વિકસાવવા માટે



જાણીતી રહી છે. આ બાબતનું એક ઉદાહરણ તો એ જ છે કે હાલ જે રોલ્સ રોઈસ કાર ખાસ કરીને અમીર વર્ગની એક લક્ઝરી કાર તરીકે જાણીતી છે તે શરૂઆતમાં રોલ્સ રોઈસ કંપનીએ એક લશ્કરી વાહન તરીકે જ બનાવી હતી. એ ઉપરાંત હાલ ભારતને ઈલેક્ટ્રોનિક વૉરશિપ બનાવવામાં સહાયરૂપ થવાની ઓફર કરનાર રોલ્સ રોઈસ કંપની બ્રિટન, અમેરિકા અને અન્ય ઘણા દેશોના નૌકાદળને ઈલેક્ટ્રોનિક વૉરશિપથી સજ્જ કરી ચૂકી છે.



# વરુણ ધવન માટે હવે આગળનો રસ્તો ‘વરુણ 2.0’ છે!

આ
દિવાળી પર બોલિવૂડે વરુણ ધવનની નવી ફિલ્મનું ઉદાહરણ સામે રાખીને અનેક બાબતે ચિંતા સાથે ચિંતન કરવાની જરૂર છે. ઋષભ શેટ્ટીની હિન્દી ડબ ફિલ્મ ‘કાંતારાઃ ચેપ્ટર 1’ બોલિવૂડને માત્ર બોક્સ ઓફિસ બાબતે જ નહીં પણ ભારતીય સિનેમાના ભવિષ્ય વિશે એક બહુ મોટો અને ધારદાર સંદેશ આપી ગઈ છે. દિવાળી પર બોલિવૂડ હંમેશાં મોટી અને ચમકદાર ફિલ્મોની અપેક્ષા રાખે છે. હિન્દી દર્શકોને હવે વિદેશી કે કોસ્મોપોલિટન વાર્તાઓ કરતાં ભારતની ધરતી સાથે જોડાયેલી મૂળભૂત અને સાંસ્કૃતિક વાર્તાઓમાં વધુ રસ છે. આજનો દર્શક માત્ર કોઈ મોટા સ્ટારના નામે ટિકિટ ખરીદતો નથી. જોરદાર સ્ટોરી અને અનોખા સિનેમેટિક અનુભવ માટે પૈસા ખર્ચે છે. ‘કાંતારા’ ની સફળતા તેના ભાવનાત્મક અને એક્શનથી ભરપૂર ક્લાઈમેક્સમાં છે. આ ફિલ્મે સાબિત કર્યું કે જો કલાકાર વાર્તામાં પોતાનો આત્મા રેડી દે તો પ્રેક્ષકો તેને માથે ચડાવે છે. બોલિવૂડ અત્યાર સુધી માનતું હતું કે ‘પેન ઈન્ડિયા’ ફિલ્મ એટલે મોટી સ્ટારકાસ્ટ, મોટું બજેટ અને ઘણાં બધાં વિદેશી લોકેશન્સ. ‘કાંતારા’ એ આ વ્યાખ્યા બદલી નાખી છે. બોલિવૂડને હવે સમજવું પડશે કે પ્રેક્ષકોને લાગણી અને કથાના જોડાણની જરૂર છે. માત્ર કૃત્રિમ ગ્લેમરની નહીં. ફિલ્મ ‘સની સંસ્કારી કી તુલસી કુમારી’ ને બોક્સ ઓફિસ પર અપેક્ષાથી ઓછો પ્રતિસાદ અને સમીક્ષકોનો નકારાત્મક પ્રતિભાવ મળ્યો એ માટે માત્ર ઋષભ શેટ્ટીની ‘કાંતારાઃ ચેપ્ટર 1’ નો ધમાકો જ જવાબદાર નથી. ફિલ્મની પોતાની નબળાઈઓ એટલી જ મોટી છે. 10 દિવસમાં રૂ.50 કરોડનો આંકડો માંડ માંડ પાર કરી શકી છે. બોલિવૂડમાં મોટી ફિલ્મની સફળતાનો માપદંડ સામાન્ય રીતે રૂ.100 કરોડ કે તેનાથી વધુ હોય છે. ‘સની સંસ્કારી’ તેની અપેક્ષાઓથી ઘણી પાછળ રહી છે. જ્યારે ‘કાંતારાઃ ચેપ્ટર 1’ તેનાથી અનેક ગણી કમાણી કરીને રૂ.110 કરોડનો આંકડો પાર કરવા સાથે હિન્દી દર્શકોના દિલ જીતી ગઈ છે. ફિલ્મની વૈશ્વિક કમાણી રૂ.500 કરોડથી વધુ થઈ છે.

**ફિલ્મોગ્રાફ**
રાકેશ ઠક્કર

બોલિવૂડના મેકર્સ નિષ્ફળતાનો ટોપલો મોટી હરીફ ફિલ્મ પર ઢોળી દે છે. પરંતુ જો ફિલ્મમાં દમદાર કન્ટેન્ટ હોય તો તે સ્પર્ધામાં ટકી શકે છે. ‘સની સંસ્કારી’ ની નિષ્ફળતા એ ‘કાંતારા’ની સફળતાનું પરિણામ નથી. ખરાબ દ્રશ્યો, નબળું નિર્દેશન અને વાર્તાના અભાવનું પરિણામ છે. દર્શકો હવે એવું કન્ટેન્ટ જોવા તૈયાર નથી જ્યાં હીરો-હિરોઈન ગ્લેમરસ સેટ પર ડાન્સ કરતા હોય પણ સ્ટોરીમાં જીવ ન હોય. બોલિવૂડને હવે સમજવું પડશે કે પ્રેક્ષકો બુદ્ધિશાળી બની ગયા છે. ‘ટાઈમપાસ’ના નામે હવે કશું પણ પીરસી શકાતું નથી. ફિલ્મમાં સારા દ્રશ્યો નહીં હોય તો દર્શકો ફિલ્મ જોવા માટે થિયેટરમાં ‘દ્રશ્યમાન’ નહીં થાય. નબળી કમાણીનો દોષ કોઈ બીજી હિટ ફિલ્મ પર ઢોળવાને બદલે પોતાના ‘ખરાબ કન્ટેન્ટ’ ને સ્વીકારવાની અને સુધારવાની જવાબદારી લેવી પડશે.

સામાન્ય રીતે વરુણ ધવનની ફિલ્મો શરૂઆતમાં સારો દેખાવ કરે છે. આ ફિલ્મનું ધીમું પ્રદર્શન એ નિર્દેશ કરે છે કે કાં તો વાર્તામાં દમ નહોતો અથવા ફિલ્મની રજૂઆત દર્શકોને સ્વીકાર્ય નહોતી. ‘સની સંસ્કારી’ માં

**તે લાંબા સમયથી રોમેન્ટિક-કોમેડી અને ફેમિલી ડ્રામાના ‘સેફ ઝોન’ માં રમી રહ્યો છે. જો કોમેડી કરવી હોય તો ‘સ્ત્રી’ કે ‘ભેડિયા’ જેવી યુનિક કન્સેપ્ટ કોમેડી હોવી જોઇએ ન કે 90ના દાયકાની ઘસાઇ ગયેલી કોમેડી**

આમ તો ઘણી ખામીઓ છે પણ બે હીરોઈનો પોતાની શારીરિક સ્થિતિની એકબીજા સાથે સરખામણી કરે છે એ દ્રશ્યની સૌથી વધુ ટીકા થઈ રહી છે. વધારે નવાઈની વાત એ છે કે એને કોમેડીમાં ખપાવવાનો પ્રયાસ થયો છે. ત્યારે પ્રશ્ન એ થાય કે કોમેડી માટે આવું જ બાકી રહી ગયું છે? બોલિવૂડને બચાવવા માટે હવે નવા લેખકો શોધવાની જરૂર છે. ‘સની સંસ્કારી’ ની વાર્તા અને અંત સરળતાથી અનુમાન કરી શકાય એવા છે. એમ લાગે છે કે બોલિવૂડમાં કોઈ મહેનત કરવા માંગતું જ નથી. ‘સૈયારા’ ને મોટી સફળતા મળવાનું કારણ જ એ છે કે તેની વાર્તાની રજૂઆત અલગ રીતે થઈ હતી. વરુણ ધવનની કારકિર્દી અત્યાર સુધી મસાલા એન્ટરટેઈનર અને કોમેડી ફિલ્મોના જોરે ચાલી છે. હવે બદલાતા સમયમાં તેને પણ હવે ‘રી-ઈન્વેન્શન’ ની જરૂર છે. તે એવા તબક્કે છે જ્યાં માત્ર ‘ક્યૂટ બોય’ કે ‘ડાન્સિંગ હીરો’ની ઈમેજમાંથી બહાર નીકળીને ગંભીર અને કન્ટેન્ટ-આધારિત ફિલ્મો પર ધ્યાન આપવું પડશે. વરુણ ધવન માટે હવે આગળનો રસ્તો ‘વરુણ 2.0’ છે. તે લાંબા સમયથી રોમેન્ટિક-કોમેડી અને ફેમિલી ડ્રામાના ‘સેફ ઝોન’ માં રમી રહ્યો છે. ‘સની સંસ્કારી’ ની નિષ્ફળતા સ્પષ્ટ સંકેત આપે છે કે આ ફોર્મ્યુલા હવે ઘસાઈ ગઈ છે. જો કોમેડી કરવી હોય તો ‘સ્ત્રી’ કે ‘ભેડિયા’ જેવી યુનિક કન્સેપ્ટ કોમેડી હોવી જોઈએ ન કે 90ના દાયકાની ઘસાઈ ગયેલી કોમેડી. વરુણે એ યાદ કરવું પડશે કે બોલિવૂડમાં કલાકારનું સન્માન તેની કમાણીથી નહીં તેના કન્ટેન્ટથી થાય છે. તેની ‘ઓક્ટોબર’ અને ‘બદલાપુર’ એના ઉદાહરણ છે. ‘સની સંસ્કારી’ માં વરુણે અભિનય કરવાનો પ્રયત્ન કર્યો નથી. જેમ મન થયું એમ કેમેરા સામે બોલ્યો છે. વધારે સમસ્યા એ છે કે વરુણ દરેક ફિલ્મમાં એકસરખા રોલ અને લુક સાથે આવી રહ્યો છે. એના કરતાં બોબી અને અક્ષય ખન્ના અલગ લુક અને રોલને કારણે દર્શકોને વધુ પસંદ આવી રહ્યા છે. વરુણે હિન્દી સિનેમાનો ચહેરો બનવા માટે પોતાનો ચહેરો બદલવાની જરૂર છે.

### ઓટોગ્રાફ!

બોલિવૂડમાં સફળ થવા માટે ફક્ત ત્રણ વસ્તુઓ જરૂરી છે!

1. સારું પ્રમોશન.
2. એક હિટ ગીત.
3. સૌથી અગત્યનું: તમારો શુક્રવારનો હરીફ તમારાથી પણ ખરાબ ફિલ્મ લઈને આવ્યો હોય!

# ફટાકડા: જીવલેણ આનંદથી આઘા રહીએ..!

**જીવન સરિતાને તીરે**
દિનેશ પાંચાલ

દો
સ્તો સત્તર વર્ષે ફટાકડા ફોડવાની જે મજા આવતી તે સીત્તેરમે વર્ષે નથી આવતી. બલકે આજે મહોલ્લામાં બાળકો ફટાકડા ફોડે તો કાન દબાવી દેવા પડે છે. સંસારના અનેક કોલાહલથી ત્રસ્ત બનેલો માણસ ઘડપણમાં શાંતિ ઝંખતો હોય છે. લગભગ દરેકના જીવનમાં મોડી વહેલી એક સ્થિતિ આવે છે. “દુનિયામાં દીવાળી અને હૈયામાં હોળી” એક કૂતરીની પાછળ 8-10 કૂરકુરિયાં દોડતાં હોય તેમ માણસની પાછળ સુગર, પ્રેસર, વા, દમ, એટેક, ડિપ્રેશન જેવાં અનેક રોગો પાછળ પડ્યા હોય છે. એ સિવાય અન્ય સાંસારિક ઉપાધીઓ તો વળી જુદી. જેમકે વહુ કડવા શબ્દો બોલતી હોય. દીકરાને ફરિયાદ કરો તો તે વાત કાને ધરતો ના હોય. ઘરમાં રોજ ઝઘડા થતાં હોય. સંતાનોને નવા જમાનાની હવા લાગી ચૂકી હોય. તેઓ દર વર્ષે નાપાસ થતાં હોય. તેમને માવા, મસાલા, ગૂટકા કે દારૂની લત લાગી ચૂકી હોય...

અહીં એક બીજી સમસ્યા પણ યાદ આવે છે. ઘરનું ચાર મહિનાનું ભાડુ ભરવાનું બાકી હોય, માથે દેવુ ચાલતું હોય અને નાના દીકરાઓ જીદ લઈ બેસે કે- ‘ના, અમને દીવાળીમાં ખૂબ બધાં ફટાકડા લઈ આપો!’ તો માણસની હાલત બૂરી થઈ જાય છે. દોસ્તો, ફટાકડા બાળપણમાં અમારા આનંદનું કેન્દ્રસ્થાન રહ્યાં હતાં. ત્યારબાદ વયવૃદ્ધિની સાથે એ આનંદ ઓસરતો ગયો. થોડા વર્ષો પર ફટાકડાથી મહોલ્લાની એક દીકરીની બન્ને આંખો દાઝી ગઈ




હતી. આજપર્યંત કોઈ ડૉક્ટર તેને પુનઃ ચક્ષુજ્યોતિ બક્ષી શક્યો નથી. એને જોઉં છું ત્યારે વિચાર આવે છે કે, ફટાકડાએ એની એવી હાલત કરી છે કે એ હવે કદી કોઈની નવવધૂ બની સાસરે દીવડા મૂકી શકે એવી સ્થિતિમાં નથી. ફટાકડાઓ ક્યારેક માનવબોમ્બ જેવો વિનાશ સર્જે છે. પોતે ખતમ થઈ જઈને કોઈનું આખું જીવન ખતમ કરી નાખે છે. ફટાકડાને માણસની શ્રવણેન્દ્રિય માટેનો અણુબોમ્બ કહીએ તો ખોટું નથી. મારે સ્વીકારવું રહ્યું કે આજના ધ્વનિપ્રદુષણના યુગમાં મારા જેવા વધુ પડતાં શાંતિચાહક માણસો ખાસ્સા દુઃખી થઈ શકે છે. લોકો ઈશ્વરની આરતી પણ ઘાંટા પાડીને ગાય છે. અને અમને ટીવી પર સિંહની ગર્જના પણ મૃદુ સ્વરમાં સાંભળવાની ગમે છે.

વાત ફટાકડાની કરીએ તો હવે ફટાકડાઓ કેવળ દિવાળીના ઓશિયાળા રહ્યાં નથી. દિવાળીથી અધિક તે લગ્નોમાં, જનોઈમાં, ક્રિકેટમેચ વખતે, ચૂંટણીના રીઝલ્ટવેળા, સ્વામીઓના સામૈયામાં અને ધાર્મિક જૂલુસો વગેરેમાં ફૂટે છે. દશ હજાર ફટાકડાની લૂમ જાહેર માર્ગો પર સળગાવવામાં આવે છે ત્યારે બંને બાજુએ થોડી મિનિટો માટે ટ્રાફિક જામ થઈ જાય છે. એવું લાગે છે જાણે કોઈ બહારવટિયાએ અમુક લત્તો બાનમાં ના લીધો હોય..?

ફટાકડાની શોધ ચીનમાં થઈ હતી, પણ ત્યાં ફટાકડાનું આવું ગાંડપણ નથી. આપણે ત્યાં બુટ, શુટ અને ટાઈથી શોભતો કોઈ વરઘોડિયો વાહનોની કશીજ ચિંતા કર્યા વિના રસ્તાની વચ્ચે એટમબોમ્બ સળગાવે છે ત્યારે વિચાર આવે છે : આ દેશમાં બેવકૂફી પણ કેવી બુટેડ શુટેડ છે! ફટાકડાની જીવલેણતા સેંકડોવાર સાબિત થઈ ચૂકી છે.

ફટાકડા નિર્વિવાદપણે શાંતિભક્ષક, જ્વલનશીલ અને જોખમી પદાર્થ છે. એક સર્વે અનુસાર આજપર્યંત ફટાકડાથી પૂરા અઢાર હજાર અબજનું નુકસાન થઈ ચૂક્યું છે. દોસ્તો, કેવળ આતશબાજી નહીં, મનુષ્ય જીવનની પ્રત્યેક એવી બાબતો જે વિશાળ જનસમુદાયને કષ્ટરૂપ નીવડતી હોય તે અંગે માણસે બૌદ્ધિક વલણ અપનાવી સત્વ સુધારા કરવા જોઈએ. ખોટા રીતિરિવાજો, અંધશ્રધ્ધા, પછાત વિચારસરણી કે ખોટી જીવનશૈલી ભારતમાં જ નહીં અમેરિકામાં ય પ્રવર્તતી હોય, તો તેનો અવશ્ય વિરોધ થવો ઘટે. યાદ રહે, જીવનના કોઈ પણ આનંદનું મૂલ્ય જીવનથી અધિક ના હોય શકે.

થોડા સમય પૂર્વે ભારતના એક લાખ બાળકોએ ફટાકડા ન ફોડવાની પ્રતિજ્ઞા લીધી હતી. ‘બચપન બચાઓ’ નામની એક સંસ્થાએ ફટાકડાના જોખમી ઉદ્યોગ સાથે સંકળાયેલા દોઢ કરોડ જેટલા બાળકોને એ વ્યવસાયમાંથી ઉગારવા ઝુંબેશ ચલાવી હતી. આમ છતાં આજે ય હજારો બાળકો ફટાકડાના ઉદ્યોગમાં બાળમજૂરી કરે છે. ફટાકડાઓની ફેક્ટરીઓમાં આગ લાગે છે ત્યારે હજારો કુમળા બાળકો ફટાકડાની

**દોસ્તો, કેવળ આતશબાજી નહીં, મનુષ્ય જીવનની પ્રત્યેક એવી બાબતો જે વિશાળ જનસમુદાયને કષ્ટરૂપ નીવડતી હોય તે અંગે માણસે બૌદ્ધિક વલણ અપનાવી સત્વ સુધારા કરવા જોઈએ**

જેમ ફૂટી જાય છે. આ નુકસાનના આંકડા પ્રતિવર્ષ વધતાં રહ્યાં છે. સરકાર ખુદ એ અંગે ચિંતિત છે. પરંતુ પ્રજાના સહકાર વિના તે લાચાર છે. ફટાકડાનું નુકસાન આવું બોલકું હોય ત્યારે માનવકલ્યાણના શુભ હેતુને વરેલા કોઈ પણ ધર્મસંપ્રદાયે તેના વેચાણથી દૂર રહેવું જોઈએ. ખુદ કૃષ્ણેએ ગીતામાં કહ્યું છે- ‘જે હજારોની હત્યા કરે છે તેનો નાશ કરવો એ સાચો ધર્મ છે. કેટલાંક ધાર્મિક સંપ્રદાયો ધર્મના ઓઠા હેઠળ દીવાળી ટાણે ફટાકડા વેચે છે. આ બેશક ખોટું ગણાય. કૃષ્ણભક્તોએ ફટાકડાની હાનીકારકતાના પરિપ્રેક્ષ્યમાં એ વાત અંગે ફેરવિચારણા કરવી જોઈએ. દોસ્તો, આપ સૌને દિવાળીની હાર્દિક શુભકામના..!

### ધૂપછાંવ

ફટાકડાથી વસ્તીમાં આગ લાગી શકે એ ભયે સરકાર ફટાકડાની દુકાન શહેરથી દૂર રાખવાનું કહે છે. પણ લોકો ભર ટ્રાફિકમાં રસ્તા વચ્ચે ફટાકડાની લૂમ સળગાવે છે તેના પર કોઈ પ્રતિબંધ નથી- એવું કેમ?